# કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આ.કૃ.યુ., દેવાતજ ખાતે સામાજીક વનીકરણ વિભાગ, સોજીત્રાના સહયોગથી " ખેડૂત શિબીર" યોજાઇ

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, દેવાતજ ખાતે સામાજીક વનીકરણ વિભાગ, સોજીત્રાના સહયોગથી ૨૫ ફેબ્રુઆરી, ૨૦૨૦ ના રોજ "સબમીશન ઓન એગ્રો ફોરેસ્ટ્રી" વિષય પર ખેડૂત શિબીર યોજાઇ જેમાં ૧૦૪ ખેડુત ભાઈઓ તેમજ બહેનોએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં અધ્યક્ષ સ્થાને શ્રી એમ. એમ. રાજ્યગુરુ, મદદનીશ વન સંરક્ષકશ્રી, આણંદ ઉપસ્થિત રહ્યા હતા. અતિથી વિશેષમાં શ્રી વી. એમ. ઝાલા, રેન્જ ફોરેસ્ટ ઓફીસર, પેટલાદ શ્રી લાભેશભાઇ શાસ્ત્રિ, સરપંચશ્રી, દેવાતજ તથા શ્રી હર્ષદભાઇ પટેલ, પ્રગતિશીલ ખેડૂત, પીપળાવ અને શ્રી અમિતભાઇ પટેલ, પ્રગતિશીલ ખેડૂત, પલોલ તેમજ આણંદ જિલ્લા અલ્ગ અલગ તાલુકામાંથી વન રક્ષકો પણ હાજર રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆતમાં કૃષિ વિજ્ઞાન કેન્દ્રના વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડાશ્રી ડો.જી.જી.પટેલ દ્વારા મહેમાનશ્રી તથા ખેડુત ભાઈઓ તેમજ બહેનોનું શાબ્દીક તેમજ પુષ્પગુચ્છ દ્વારા સ્વાગત કર્યા બાદ સદર ખેડુત શિબીર અંતર્ગત પ્રસ્તાવના પ્રવચન કર્યું જેમાં ખેડૂત ભાઈઓને ખેત વનીકરણ વિષય પર પ્રાથમિક સમજ આપી તથા વૃક્ષોનો ખેતીમાં ફાળો અને ઉંડા ઉતરી ગયેલ પોષક તત્વોને ઉપર લાવી ફળદ્રુપતામાં વધારો કરે છે તે બાબતે ચર્ચા કરી. તેમજ કુદરતની વિવિધ વન્ય અને પ્રાણી શૃંખલાઓની સમજ આપી તથા કુદરતી સંસાધનોને ધર્મ સાથે જોડીને તેના સંરક્ષણની સમજ આપી. ત્યારબાદ શ્રી હર્ષદભાઇ પટેલે પ્લાસ્ટિકનો ઉપયોગ ઘટાડી પર્યાવરણ સુરક્ષા બાબતે ચર્ચા કરી તેઓએ બાવળની સીંગો, ગુવારગમ તથા ગાયના છાણ દ્વારા જમવાની ડીશ, વાટકી, તેમજ ગ્લાસ બનાવવા માટે પહેલ કરી છે. તેમજ શ્રી અમિતભાઇ પટેલે ખેડૂતો સમક્ષ પોતાના પ્રતિભાવો રજૂ કર્યા જેમાં તેઓએ ખેડૂતોને પ્રાકૃતિક તેમજ સજીવ ખેતી દ્વારા વધુ આવક મેળવવા અંગે વિસ્તૃતમાં ચર્ચા કરી ત્યારબાદ શ્રી એમ. એમ. રાજ્યગુરુ, મદદનીશ વન સંરક્ષકશ્રી, આણંદ એ ખેડૂતોને ફોરેસ્ટ ખાતાની યોજનાઓ વિષે માહિતગાર કરેલ સદર કાર્યક્રમમાં શ્રી નિકુંજભાઇ દ્વારા મગર સંરક્ષણ વિશે પણ વિસ્તૃતમાં ચર્ચા કરવામાં આવીકાર્યક્રમના અંતે શ્રીમતી વીરુબેન ગોરડીયા, રેન્જ ફોરેસ્ટ ઓફીસર, સોજીત્રા એ ઉપસ્થિત મહેમાન તથા ખેડૂત ભાઈઓ તેમજ બહેનોનો આભાર વ્યક્ત કરી કાર્યક્રમની પુર્ણાહુતી કરી સદર કાર્યક્રમનું આયોજન તેમજ સફળ સંચાલન શ્રીમતી વીરૂબેન ગોરડીયા દ્વારા કરવામાં આવેલ.

# કાર્યક્રમની ઝાંખીઓ


સબમીશન ઓન એગ્રો ફોરેસ્ટ્રી
ખેડૂત શિબિર


કૃષિ વિજ્ઞાન કેન્દ્ર
આણંદ કૃષિ યુનિવર્સિટી - દેવાતજ
સ્વચ્છતા અભિયાન


પ્રાણી રક્ષા,
એ જ સાચી જીવ રક્ષા




સબમીશન ઓન એગ્રો ફોરેસ્ટ્રી
ખેડૂત શિબિર
સામાજીક વનીકરણ વિભાગ - આણંદ
રેન્જ - સોજીત્રા
તારીખ :- ૨૫/૦૨/૨૦૨૦
સ્થળ :- કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, દેવાતજ

